૨૦૨૦ની તુલનામાં જિલ્લામાં ૨૯મી જુને વરસાદની ૧૩ ટકા ઘટ

૧૯ અને ૨૦ માં જિલ્લાના બે-બે તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો હતો : ગાંધીનગરમાં સતત વરસાદ ઘટી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજની ૨૯મી તારીખે થયેલા વરસાદની ૨૦૨૦ની તુલનાએ ૧૩ ટકા તો ૨૦૨૧ની તુલનાએ ૫ ટકા જેટલી ઘટ છે.

જિલ્લામાં ૨૦૨૧ની જેમ આ વખતે પણ ચોમાસુ ૧૦ દિવસ મોડુ છે. જિલ્લામાં વરસાદની સૌ ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. ખરીફ વાવણીની કામગીરી પણ ધીમી પડી છે. કૃષિમાં પ્રયોગશીલ ખેડૂતો તરીકે ઓળખાતા જિલ્લાના ખેડૂતો આ સીઝનમાં પ્રયોગ કરવા ઉત્સુક જણાતા નથી.

જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા પણ ભૂગર્ભ જળ ઊંડા જતાં પ્રશ્નો વધી રહ્યા છે. તાજેતરમાં માણસા તાલુકાના કેટલાક સરપંચોએ આ અંગે જિલ્લાકક્ષાએ રજુઆત કરી નથી અને પાણીના કામો ઠપ્પ થઈ ગયાની ફરિયાદો કરી હતી.

જિલ્લાનુ અર્થતંત્ર કૃષિ આધારિત છે અને કૃષિમાં પણ આકાશી ખેતી એ સૌથી મોટો આધાર છે. રવિ અને ઉનાળુ સિઝનમાં સિંચાઈ અને પાણીની સુવિધા ધરાવતા ખેડૂતો જ ખેતી કરતા હોય છે. જિલ્લામાં સિંચાઈની સુવિધા પણ અલ્પ છે.

જિલ્લામાં વૉટર મેનેજમેન્ટ ક્ષેત્રે પંચાયતે પહેલ કરવી જોઈએ તેવી ટકોર રાજ્યના મુખ્ય સચિવ પંકજકુમારે પણ કરી હતી. જિલ્લો ભૂગર્ભ જળનું વધુ પડતુ ખેંચાણ કરી રહ્યો છે અને તેની અસરો જોવા મળી રહી છે.

જિલ્લામાં ગત વર્ષે વરસાદની ૨૧ ટકા ઘટ રહી હતી. ૨૦૧૭માં તો જિલ્લામાં અછતની સ્થિતિ પણ વરસાદ ખેંચાતા જાહેર કરવી પડી હતી.

જિલ્લામાં ૨૦૧૯ના વર્ષમાં જોઈએ તો કલોલ-માણસામાં આ તારીખ સુધીમાં વાવણીલાયક વરસાદ થઈ ગયો હતો. દહેગામમાં ૧૦૨ મી.મી. અને ગાંધીનગરમાં ૫૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. જે જિલ્લાની સરેરાશના ૧૪.૯૬ ટકા જેટલો થાય છે. ૨૦૨૦માં પણ દહેગામ અને માણસામાં આ તારીખ સુધીમાં વાવણીલાયક વરસાદ થઈ ગયો હતો. દહેગામમાં ૨૨૧ મી.મી., માણસામાં ૧૩૪ મી.મી જ્યારે ગાંધીનગર અને કલોલમાં ૭૯-૭૯ મી.મી. વરસાદ નોંધાયો હતો જે જિલ્લાની સરેરાશ જોતાં ૧૬.૨૮ ટકા વરસાદ નોંધાયો હતો.

૨૦૨૧માં જિલ્લાના એક પણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો ન હતો. કલોલમાં ૧૦૧ મી.મી., દહેગામમાં ૩૯ મી.મી., ગાંધીનગરમાં ૬૫ મી.મી. અને માણસામાં ૬૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. જે જિલ્લાના સરેરાશ વરસાદના ૮.૮૫ ટકા જેટલો થાય છે.

૨૦૨૨માં જિલ્લાના એક પણ તાલુકામાં વાવણીલાયક વરસાદ નોંધાયો નથી. ચાલુ વર્ષે માર્ચના આરંભથી ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. અસાઢ મહિનો આવી ગયો પણ હજુ ખરીફ વાવણી પણ જેટલી થવી જોઈએ તેટલી થઈ નથી. પાણીના પોકારો વધ્યા છે.

વીજ પુરવઠો પણ પુરતા સમય માટે મળતો નથી એટલુ જ નહિ ૨૧ ટકા વરસાદની ઘટ જે ગઈ વખતે હતી તેને લઈ જમીનમાં જે ભેજ હોવો જોઈએ તેટલો પણ જોવા મળતો નથી. જમીનમાં ભેજનું તત્વ એ કૃષિ ઉત્પાદન માટે અત્યંત આવશ્યક છે. પિયત માટેના પાણીના ભાવમાં વધારો થયો છે. વીજદર પણ વધ્યા છે અને મોંઘવારીના પગલે બિયારણો પણ મોંઘા થયા છે તેથી ખેડૂતો પણ વાવણી માટે બહુ ઉત્સાહી જણાતા નથી.

વરસાદ માટે હવામાન વિભાગે ૩૦, ૧, ૨ એ જિલ્લામાં છુટાછવાયા સ્થાનોએ વરસાદ થશે તેવી આગાહી કરી છે તો દાંતીવાડા કૃષિ યુનિ.એ ૧,૨,૩ જુલાઈના રોજ હળવાથી મધ્યમની છુટા છવાયા સ્થાનોએ વરસાદ થવાની આગાહી કરી છે.

વરસાદ પણ ખંડીય વૃષ્ટિની જેમ વરસી રહ્યો હોવાથી વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઓછુ થતુ નથી. જિલ્લામાં વીજ વપરાશ પણ ગરમીને કારણે વધ્યો છે અને પેયજળની માંગમાં પણ વધારો થયો છે. જિલ્લામાં ૨૯મી જૂન સુધીમાં દહેગામમાં ૧૬ મી.મી., ગાંધીનગરમાં ૪ મી.મી., કલોલમાં ૭ મી.મી અને માણસામાં ૬૭ મી.મી. વરસાદ નોંધાયો છે જે જિલ્લાના સરેરાશ વરસાદના ૩.૦૬ ટકા થાય છે.

સંક્રમણ વધ્યુ : શહેરમાં ૧૦ અને ગ્રામ્યમાં ૮ કેસ કોરોનાના નોંધાયા

સે. ૨૬માં ૪ કેસ જેમાં એક વર્ષના બે બાળકો; સે. ૫ માં બે કેસ; સે. ૨, ૨૪, ૨૯ અને પાલજમાંથી કેસ મળી આવ્યા : કલોલમાં પાંચ કેસ; ગાંધીનગર-દહેગામ-માણસામાંથી એક-એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૧૦ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૮ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં સંક્રમણની ગતિ વધી રહી છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ પણ ૨ ટકાને પાર કરી ગયો છે. લોકલ ટ્રાન્સમિશનથી કેસો વધી રહ્યાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ઝડપથી વધી રહી હોવાથી તેમજ મહિલા અને બાળકો તેમજ મોટી વયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા બેવડાઈ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પણ સંક્રમણ વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. જિલ્લાના ચારેય તાલુકામાંથી કેસો સામે આવી રહ્યા છે. જિલ્લામાં ચોથી લ્હેર શરૂ થઈ ગઈ હોવાની વાતો હવે તબીબી જગતમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

શહેર-જિલ્લામાં આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬ દર્દીઓ રિકવર થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર, દહેગામ અને માણસામાં એક-એક કેસ તેમજ કલોલમાં પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દી તેમજ ૬૦ થી વધુ વયના બે દર્દી નોંધાયા છે.

દહેગામ તાલુકામાં દહેગામ શહેરમાંથી એક ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકામાં દશેલા ગામેથી ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. માણસા તાલુકાના વિહાર ગામેથી ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

કલોલ તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે. પાંચેય કેસ રાંચરડા ગામમાં નોંધાયા છે. જેમાં રાંચરડા ગામે ૪ કેસ નોંધાયા છે જ્યારે મોખાસણ ગામે ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસ સાથે એક્ટીવ કેસની ૩૬ થઈ છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૮૪૨ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે તાકીદ કરી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કોરોનામાં સપડાયા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો રિપોર્ટ આજે કોરોના પોઝીટીવ આવ્યો છે. હળવા લક્ષણો જણાતાં તેમણે કોરોનાનો ટેસ્ટ કરાવતાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મુખ્યમંત્રી કેવી રીતે સંક્રમિત થયા તે અંગેના ચોક્કસ કારણો જાણવા મળ્યા નથી. જોકે રિપોર્ટ પોઝીટીવ આવતાં તેઓ હોમ આઈસોલેટ થયા છે.

મુખ્યમંત્રી હાલ સંપૂર્ણ સ્વસ્થ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ પછી હવે મુખ્યમંત્રી કોરોનાથી સંક્રમિત થયા છે. ગુજરાતમાં કેસોની સંખ્યા પણ વધી રહી છે. ગત વર્ષે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મુખ્યમંત્રી રૂપાણી પણ કોરોનાથી સંક્રમિત થયા હતા.

નવા સેકટરોમાં હજુ પણ પાણીની રામાયણ

પુરતા ફોર્સથી ન આવતા ટાંકી પણ ભરાતી નથી : વરસાદની ગરેહાજરી વચ્ચે ગરમીનુ જોર યથાવત રહેતા શહેરમાં પાણીનો વપરાશ ઘટયો નથી : નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહેતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા ચાર પાંચ દિવસથી પાણી પુરતા ફોર્સથી ન આવતા સેકટરવાસીઓ પાણીની ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ ઠાલવી રહ્યા છે. જેના લીધે બપોર થતા જ પાણી ખુટી જતુ હોવાનો આક્રોશ પણ ગૃહીણીઓમાં પ્રબળ બન્યો છે. એકબાજુ વરસાદની ગેરહાજરી વચ્ચે ગરમીનુ જોર હજુ ઘટયુ નથી ત્યારે ઉકળાટ અને ગરમીથી અકળાયેલા શહેરીજનોમાં હજુ પણ પાણીનો કકળાટ યથાવત છે. શહેરના નવા સેકટરોમાં પાણીની પોકરા યથાવત છે.

ગાંધીનગરના નવા સેકટરોમાં ઉનાળાની વિદાય ટાંણે પણ પાણીની પોકર હજુ શમી નથી. સેકટરોમાં સમયાંતરે પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ ઉઠતો રહે છે. છેલ્લા ચાર પાંચ દિવસથી નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા રહેણાંક વિસ્તારમાં આખી ટાંકી પણ ભરાતી નથી જયારે બપોર થતા જ પાણીની ટાંકી ખાલી થઈ જતી હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ઉનાળાની આકરી ગરમીમાં શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પાણી વિભાગ દ્વારા સપ્લાય વધારી દેવામાં આવે છે. અલબત્ત સેકટરોના બોર પણ વધુ સમય માટે કાર્યરત કરવામાં આવે છે. જેના લીધે સેકટરોમાં સપ્લાય વધારી શકાય હાલની સ્થિતિએ જુનના અંતમાં પણ વરસાદ હજુ આવ્યો નથી જેના લીધે શહેરમાં પાણીનો વપરાશ યથાવત છે. બીજીતરફ તંત્ર કક્ષાએથી આપવામાં આવતો પુરવઠો પણ પુરતો હોવાનો દાવો કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં પાણી પુરતા ફોર્સથી આવતુ નથી જેના લીધે છાશવારે સેકટરવાસીઓમાં પાણીની સમસ્યા મામલે રોષ પ્રવર્તે

● અનુસંધાન પાન-૭ પર

ચિલોડાની ટી પી નં -૧૭ માં દબાણ દુર કરી રસ્તા ખોલાયા

રહેણાંક અને વાણિજય હેતુના દબાણો દુર કરવામાં આડેધડ તોડકામ કરવામાં આવ્યુ હોવાનો આક્રોશ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરવા સહીત નાના મોટા દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. ચિલોડાની ટી પી સ્કીમ નં -૧૭ માં પણ રસ્તા ખોલવા માટે રહેણાંક અને વાણિજયના દબાણો દુર કરવા જે સી બી કામે લગાડાયુ હતુ જો કે આ કામગીરી દરમિયાન આડેધડ તોડફોડ થઈ હોવાનો આક્રોશ પણ સ્થાનિક ખેડુતો અને રહીશોમાં પ્રબળ બન્યો છે.

ન્યુ ગાંધીનગરમાં સ્થિત જુદી જુદી નગર રચનાના વિસ્તારમાં નવા રસ્તા ખોલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારબાદ ચિલોડાની ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૧૭ માં રસ્તા ખોલવા માટે રહેણાંક અને વાણિજયના દબાણો દુર કરવામાં આવ્યા છે. આડેધડ તોડકામ થતુ હોવાનો રોષ પણ સ્થાનિક ખેડુતો અને રહીશોમાં પ્રબળ બન્યો છે. આ મામલે સ્થાનિકોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. ચિલોડાની ટી પી સ્કીમમાં રસ્તા ખોલવાની પ્રકીયા ગતિમાં થાય તે માટે ગુડાના ચેરમેને પણ સુચના આપવામાં આવી હતી જયારે આ સુચનાના અંતે ગાંધીનગર શહેરી વિસ્તાર સત્તા મંડળના અધિકારીઓએ તબક્કાવાર ટાઉન પ્લાનીંગના વિસ્તારમાં આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જયારે ન્યુ ગાંધીનગરના રાયસણ ,કુડાસણ , સરગાસણ, કોબા, શાહપુર અને રાંદેસણ સહીતના વિસ્તારની ટી પી સ્કીમમાં અગાઉ રસ્તા ખોલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જયારે આ કામગીરીને અનુલક્ષી ગામના સરપંચ તેમજ અન્ય આગેવાનોની ટીમના માણસો પણ સાથે રાખી વિવાદ વિના જ ગુડા દ્વારા કામગીરી પુર્ણ કરવામાં આવે તેવો અભિગમ અપનાવાયો છે. ચેરમેને પણ આ મામલે ગુડાના અધિકારીઓને જરૂરી સુચના આપી દીધી છે. જયારે ટી પી વિસ્તારમાં લાંબા સમયગાળા સુધી રસ્તા ખોલવામાં ન આવતા વિવિધ ઠેકાણે દબાણો વધી રહ્યા છે. અલબત્ત ન્યુ ગાંધીનગરનો વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં આવી ગયો છે. જેમાં ટી પી સ્કીમ નં -૧૭ માં પણ રસ્તા માટેની જગ્યામાં રહેણાંક અને વાણિજય હેતુના દબાણો વધ્યા છે. જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી ગુડાના અધિકારીઓની ટીમ જે સી બી સાથે રસ્તા ખુલ્લા કરવા સ્થળ પર પહોંચી હતી. જેમાં દહેગામ માર્ગ પર વાણિજય હેતુને અનુલક્ષી દુકાન તેમજ અમદાવાદ માર્ગ પર રહેણાંક હેતુ માટે મકાનોનુ બાંધકામ થયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેને અનુલક્ષી તંત્રએ દબાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે દબાણો દુર કરવાના મામલે તોડફોડ થતા ખેડુતો અને રહીશોમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં ગુડાએ આડેધડ ખોટી રીતે બાંધકામ તોડી પાડયા હોવાનો રોષ પણ સ્થાનિકોએ વ્યકત કર્યો છે.

આજે મનપાની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે સામાન્ય સભા મેયર હિતેશ મકવાણાના અધ્યક્ષપદે મનપાના સભાખંડમાં મળશે.

૧૨.૩૦ વાગે મળનારી મનપાની સામાન્ય સભામાં આમ તો વહીવટીય કામકાજ વધુ દર્શાવવામાં આવ્યુ છે. ટાઉન પ્લાનીંગ સ્કીમોને લઈ મુદ્દાઓ છે.

કોરીધાકોર છત્રી - વરસાદ આવતો નથી ને છત્રી વેચાતી નથી... વરસાદ ખેંચાતા છત્રીની ઘરાકી હજુ ખુલતી નથી... કોરી ધાકોર છત્રી ક્યારેક દયા ઉપજાવે છે... કે જેનું કામ ખુદ ભીંજાઈને માણસને ભીંજાતા રોકવાનું છે... હજુ આ વર્ષે છત્રી પોતે પણ ભીંજાઈ નથી... અને માણસ પણ ભીંજાયો નથી... માણસ પણ વરસાદની રાહ જુએ છે.... અને છત્રી પણ...

જોખમી વૃક્ષો અને ડાળીઓ દુર કરવા વનતંત્રને મળતી ફરિયાદો વધી

વરસાદી દિવસો પુર્વે શહેરના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ટ્રીમીંગનુ કામ થયુ નથી : રહેણાંક વિસ્તારમાં પણ જોખમી સ્થિતિ નિવારવા માટે રહીશો સતત વનતંત્રને અરજીઓ કરી રહ્યા છે : મેનપાવરના અભાવ વચ્ચે કામગીરી મંદ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી સહીત વન આરક્ષિત વિસ્તારની સફાઈ પણ થતી નથી જેના લીધે હાલ વરસાદી દિવસોના પ્રારંભે પણ શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની લટકતી ડાળીઓ સેકટરવાસીઓ માટે આડશરૂપ બની રહી છે. ત્યારે વરસાદી દિવસોના પ્રારંભે સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ જોખમી વૃક્ષો દુર કરવા સહીત વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ દુર કરવા માટે પણ વનતંત્ર સમક્ષ રોજબરોજ અરજીઓનો ઢગ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં મેન પાવરના અભાવ વચ્ચે વનતંત્રએ પણ સ્થાનિકોની ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવાનુ મુશ્કલ બન્યુ છે.

ગાંધીનગરના સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન ઠેર ઠેર વૃક્ષોની લડકતી ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે આડશરૂપ બને છે. જેના લીધે સેકટરોની સોસાયટીઓ તેમજ આંતરિક રસ્તાઓ પર પુરતુ અજવાળુ ન પથરાતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. શહેરના સેકટરોમાં લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ નથી જયારે મુખ્યમાર્ગો આસપાસ પણ સાઈન બોર્ડસ નજીક પણ વૃક્ષોની ડાળીઓ લટકતી જોવા મળે છે આમછતા વરસાદી દિવસો પુર્વે પણ વનતંત્ર દ્વારા ટ્રીમીંગને અનુલક્ષી કોઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી નથી જયારે શહેરમાં વરસાદી દીવસો દરમિયાન નમી પડેલા જોખમી વૃક્ષો પણ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ શહેરમાં જોખમી વૃક્ષો સમયાંતરે દુર કરવામાં આવે છે. પરંતુ હાલમાં પણ શહેરમાં અનેકપ્રકારની ખોદકામ પ્રવૃતિના અંતે સુકાયેલા અને નમી પડેલા વૃક્ષો પણ જોવા મળી રહ્યા છે. આ મામલે પણ વનતંત્રએ યોગ્ય સર્વે હાથ ધરીને સુકા અને નમી પડેલા જોખમી વૃક્ષો દુર કરવા માટે આયોજન કરવુ જોઈએ. જયારે શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તાર પણ લાંબા સમયથી ગંદકી અને દબાણોની ગિરફતમાં છે. જેને અનુલક્ષીને પણ કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી જેના પરિણામે વરસાદી દિવસોમાં વન આરક્ષિત વિસ્તાર પણ ઉકરડા અસ્તિત્વમાં આવશે તેવો રોષ પણ પ્રબળ બન્યો છે. શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ મામલે સેકટરોના સ્થાનિક અગ્રણીઓએ અનેકવાર રજુઆતો પણ કરી છે. જયારે હવે વરસાદી દિવસો શરૂ થતા સેકટરવાસીઓ પોતાના ઘર આંગણે નમી પડેલા જોખમી વૃક્ષો કે નમી પડેલી ડાળીઓ દુર કરવા માટે પણ વનતંત્ર સમક્ષ અરજી કરી રહ્યા છે પરંતુ હાલની સ્થિતિએ પણ આ ફરિયાદો દુર કરવાની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. વરસાદી દિવસોમાં શહેરના સેકટરોમાં સ્થિત રહેણાંક વિસ્તારમાં પણ ટ્રીમીંગ અને જોખમી ડાળીઓ દુર કરવા માટે વનતંત્રને રોજબરોજ નવી નવી ફરિયાદો મળી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com